## આપણા હાથની વાત…

(ગુજરાતીમાં અત્યારે વાર્તા-નવલકથાથી અળગું એવું ઘણું કથેતર સાહીત્ય પ્રકાશીત થઈ રહ્યું છે અને લોકચાહના પામી રહ્યું છે. ઈન્ટરનેટ અને ઈ-મેઈલ મારફત મળતા હૃદયસ્પર્શી પ્રસંગોમાંથી ગમી ગયેલા પ્રસંગોને ગુજરાતી વાચક સાથે 'ગમતાનો ગુલાલ કરવાનો' વીચાર **શ્રી શાંતીલાલ ડગલી**ને આવ્યો અને જન્મી ૩૨ પાનાંની એક નાનકડી પણ પ્રેરક પુસ્તીકાઃ **'આપણા હાથની વાત'.** ૧૦૦ પુસ્તીકા લો તો પાંચ રુપીયાની એક પડે! શુભ પ્રસંગોએ લોકો ઉદારતાથી મીત્રોને ભેટ આપે. સુરતમાં એવા અમારા એક સખાવતી મીત્ર છે **અકબર મુળજી**. દર મહીને એકાદ પુસ્તીકા તો તેઓ અનેકોને મોકલે. મને પણ મળે. આપણી આ **'સન્ડે મહેફીલ'** પણ તો **'ગમતાના ગુલાલ'**ની જ એક પ્રવૃત્તી છેને? ચાલો, બે-ચાર વાનગી ચાખીએ..ઉત્તમ..)

### મનની ખીંટી

અમારા ઘરમાં રીપેરકામ માટે એક સુથારને બોલાવેલો. એના કામના પહેલા દીવસની આ વાત છેઃ કામ પર આવતાં રસ્તામાં ટાયર પંક્ચર થયું એમાં એનો એક કલાક બગડ્યો. કામ શરુ કર્યા પછી અધવચ્ચે એની ઈલેક્ટ્રીક કરવત બગડી ગઈ. દીવસ પુરો થયા પછી ઘરે પાછા જતી વખતે એની નાની ટ્રક ચાલી નહીં.

હું એને મારી ગાડીમાં એના ઘરે મુકવા ગયો. રસ્તામાં એ એક પણ શબ્દ બોલ્યો નહીં. અમે એના ઘરે પહોંચ્યા ત્યારે એણે કહ્યુંઃ " ઘરમાં થોડી વાર આવો ને! મારાં પત્ની અને બાળકોને તમને મળીને આનંદ થશે."

ઘરમાં દાખલ થતાં પહેલાં નાના ઝાડ પાસે એ રોકાયો. બંને હાથ એણે ઝાડ પર મુક્યા. બારણામાં દાખલ થતી વખતે મેં એનામાં અજબનો ફેરફાર થતો જોયો. એના થાકેલા ચહેરા પર સ્મીત ફરી વળ્યું. એનાં બે બાળકોને એ વહાલથી ભેટ્યો અને પત્નીને પણ ચુમી આપી.

મને એ કાર સુધી મુકવા આવ્યો. અમે પેલા ઝાડ પાસેથી પસાર થયા ત્યારે મારું કુતુહલ હું રોકી શક્યો નહીં. મેં એને પુછ્યુંઃ "ઘરમાં દાખલ થતાં પહેલાં તમે ઝાડને શા માટે અડ્યા?"

"અરે! હા, આ ઝાડ તો મારા મનની ખીંટી છે. હું કામે જાઉં ત્યાં કોઈને કોઈ તકલીફ તો આવવાની, પણ એક વાત તો નક્કી કે ઘરે મારાં બાળકો અને પત્નીને એની સાથે શી લેવાદેવા? એટલે, જ્યારે સાંજે કામ પરથી ઘરે પાછો આવું છું ત્યારે તકલીફો આ ઝાડ પર લટકાવી દઈ ઘરમાં દાખલ થાઉં છું.

" સવારે કામ પર જતાં આ ઝાડ પરથી તકલીફો પાછી લઈ લઉં છું; પણ નવાઈની વાત તો એ છે કે રાતે મુકેલી તકલીફોમાંથી ઘણીખરી સવારે ત્યાં હોતી નથી!" (પાનઃ૭)

### હા, મળી ગયું!

એક દાદા-દાદીની આ વાત છે. સામાન્ય રીતે દરેકના જીવનમાં બનતું હોય છે એવું એક દીવસ એ બંને વચ્ચે બન્યું. આમ તો, બંને વચ્ચે ઘણો પ્રેમ હતો; પણ એક દીવસ કોઈ

PDF created with pdfFactory trial version www.pdffactory.com

નજીવી બાબતમાં બોલાચાલી થઈ અને દાદીમા એટલાં ગુસ્સે થઈ ગયાં કે એમણે દાદાજી જોડે બોલવાનું જ બંધ કરી દીધું!

બીજે દીવસે દાદાજી તો બધું ભુલી ગયા હતા; પણ દાદીમાનો રોષ ઉતર્યો નહોતો. એમનાં અબોલાં હજી ચાલુ હતાં. એમનો રોષ ઉતરે એ માટે દાદાજીએ ઘણા પ્રયાસો કરી જોયા પણ દાદીમા પલળ્યાં નહીં. કબાટનાં ખાનાં ખોલી દાદાજી કંઈ શોધવા લાગ્યા. થોડો વખત આમ ચાલ્યું એટલે દાદીમાથી રહેવાયું નહીં.

“તમે ક્યારના શું શોધી રહ્યા છો?” દાદીમાએ અકળાઈને પુછ્યું.

“અરે, હા, મને મળી ગયું!” દાદાજીએ હસતાં હસતાં કહ્યું અને ઉમેર્યું: “ હું તો તારો અવાજ શોધતો હતો! ભગવાનની કેવી મોટી દયા!” (પાનઃ૨૦)

## અંકલને શું કહ્યું હતું?

બીજાની કાળજી લેવાની એક અનોખી સ્પર્ધામાં વીજેતા બનેલા ચાર વરસના એક છોકરાની આ વાત છે.

એની પાડોશમાં મોટી ઉંમરના એક ભાઈ રહેતા હતા. એ એકલા હતા. થોડા વખત પહેલાં જ એમના પત્ની ગુજરી ગયાં હતાં. એક વાર આ અંકલને રડતાં જોઈને એ છોકરો એમની પાસે ગયો અને એમના ખોળામાં બેસી ગયો. અનાં મમ્મીએ આ જોયું. એ છોકરો ઘરે પાછો આવ્યો ત્યારે મમ્મીએ એને પુછ્યું: “તેં અંકલને શું કહ્યું હતું?”

“મેં અંકલને કાંઈ કહ્યું ન હતું. મેં તો બસ એમને રડવામાં મદદ કરી.” છોકરાએ કહ્યું. (પાનઃ૧૭)

## હ્રદયમાં મોટા થાવ

અમેરીકાની એક શાળામાં પહેલા ધોરણના વીદ્યાર્થીઓ એક કુટુંબનો ફોટો જોતા હતા. એમાં એક નાનો છોકરો કુટુંબના બીજા સભ્ય કરતાં સાવ જુદો લાગતો હતો.

એક બાળકે કહ્યું કે એને માબાપે દત્તક લીધો હશે. જોન્સલીન નામની એક નાની છોકરી બોલી: “દત્તક લેવા વીશે મને બધી ખબર છે; કારણ કે મારાં માબાપે મને દત્તક લીધી છે.”

“દત્તક લેવું એટલે શું?” એક છોકરાએ પુછ્યું.

જોન્સલીને કહ્યું: “એનો અર્થ એ કે તમે મમ્મીના પેટમાં નહીં; પણ મમ્મીના હ્રદયમાં મોટા થાવ.”

અમેરીકામાં પોતાનાં બાળકો હોય છતાં દત્તક લેવાની પ્રથા બહુ પ્રચલીત છે.(પાનઃ૧૨)

**--શાંતીલાલ ડગલી--**

**‘આપણા હાથની વાત’** પુસ્તીકામાંથી સાભાર..પુનર્લેખનઃ uttamgajjar@hotmal.com
પ્રકાશકઃ આર.આર.શેઠની કંપનીઃ sales@rrsheth.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com